Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આદ્યસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી

:સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)



# જયકચ્છ



OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪

★ સત્યાચરણ ★ સિધ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

૯૦ વર્ષ

૦ સજીવખેતી ૦ ગૌમહાત્મય ૦ પર્યાવરણ ૦ ગ્રામોત્થાન ૦ સ્વાવલંબન ૦ આરોગ્ય

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

★ વર્ષ ૯૦ ★ સંવત. ૨૦૭૮ ★ કારતક વદ ૪ ★ તા. ૧/૧૨/૨૦૨૩, ★ અંક ૪ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૬/૧૨/૨૦૨૩ ★ RNI No. 1886/57

# દેશી ગાયના છાણનું લીંપણ કરવાથી થાય છે અઢળક વૈજ્ઞાનિક ફાયદા

યુગોથી આપણા દેશમાં ગાયને હિમતનું સ્થાન મળ્યું છે. હા ગોબરમાં લક્ષ્મીજીનો વાસ હોવાનું પ્રાચીન ગ્રંથોમાં વાંચવા મળે છે. આ વિધાન માત્ર શાસ્ત્રોક શબ્દો નથી પરંતુ વૈજ્ઞાનિક સત્ય છે. આ તથ્યો અને તથ્યોના આધારે ભારતીય વૈજ્ઞાનિકોએ ૧૯૫૩–૫૪માં વિકસાવેલા પ્રથમ બાયોગેસ પ્લાન્ટનું નામ હાયગ્રામ લક્ષ્મીજી રાખ્યું, જેને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પણ મળી. એ જ પૂર્વજોના પગલે ચાલીને આજે પણ ગાયના છાણને શુદ્ધ માનીને ધાર્મિક વિધિઓ, પૂજા સ્થાનો, દીવા સ્થાપન, પંચામૃત બનાવવા વગેરે માટે ગાયના છાણનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત, તમામ ભારતીય ગ્રામીણ ઘરોને નિયમિતપણે ગાયના છાણથી લીંપવાની પ્રથા હજી પણ દરેક જગ્યાએ અસ્તિત્વમાં છે.

કોઈપણ યુગના સમાજને જાણવા અને સમજવા માટે સ્થાનિક લોકસંસ્કૃતિ એ શ્રેષ્ઠ માધ્યમ છે. આમાં લોકગીતો, લોકવાર્તાઓ અને વિવિધ ભાષાઓના વિવિધ સ્વરૂપો દ્વારા સ્થાનિક સંસ્કૃતિની અભિવ્યક્તિ થતી રહે છે. વિવિધ ભાષાઓના લોકગીતોના અધ્યયન પરથી જાણવા મળે છે કે કોઈપણ કાર્યની શરૂઆત કે શરૂઆત કરતા પહેલા તે સ્થળને ગાયના છાણથી શુદ્ધ કરવામાં આવતું હતું. આપણા પરંપરાગત ગ્રામીણ ગીતોમાં ભગવાનની પૂજા માટે ઘરના આંગણાને ગાયના છાણથી લીંપવાનું કહેવામાં આવ્યું છે, લગ્ન પ્રસંગની શરૂઆત ઘરના આંગણાની દીવાલને ગાયના છાણથી લેપ કરવાથી જ થતી હતી.

કેટલાક દાયકાઓ પહેલા સુધી, લગભગ તમામ ભારતીય ઘરોમાં ગૌમૂત્ર રાખવાની પરંપરા હતી, જેનો ઉપયોગ તેના ઔષધીય ગુણોને કારણે શુદ્ધિકરણ માટે કરવામાં આવતો હતો. આજે, આધુનિક અને ઝ્ત્રશ્યમાન બનવાની દોડમાં, આ પરંપરાઓ પાછળની વૈજ્ઞાનિક બાજુથી અજાણ હોવાથી, આર્થિક વિકાસ માટે આ સમૃદ્ધ પરંપરાઓને પુનર્સ્થાપિત કરવી અત્યંત જરૂરી છે. તેમજ છાણમાં લક્ષ્મીનો વાસ માનવામાં આવે છે. વ્યક્તિ અને સમાજ સ્વસ્થ હશે ત્યારે જ સુખ અને સમૃદ્ધિ આવશે. આ બધું ગાયના છાણથી થતું, આજની ભાષામાં આંગણાને સેનિટાઇઝ કરવામાં આવતું. ઉપરાંત, ગાયના છાણમાંથી જંતુઓ અને કરોળિયા આવતા ન હતા. ગાયનું છાણ અને મૂત્ર આપણા ગ્રામીણ વાતાવરણમાં સરળતાથી ઉપલબ્ધ પદાર્થો છે.

આ બંનેનો યોગ્ય વ્યવહારિક ઉપયોગ કરવા માટે ભારતમાં ઘણી સરળ અને પ્રાચીન ગ્રામીણ તકનીકો ઉપલબ્ધ છે, જેના દ્વારા કૃષિ સંવર્ધન અને આરોગ્ય સુરક્ષાના ક્ષેત્રમાં સંપૂર્ણ લાભ લેવાની સાથે, વધુ ગરમી કાર્યક્ષમ આધુનિક ઈંધણનું ઉત્પાદન કરીને સ્થાનિક =ર્જાનું ઉત્પાદન કરવામાં આવે છે. ગેસ અને વીજળીની માંગનો મોટો હિસ્સો સંતોષી શકાય છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં, છાણ અને ગૌમૂત્ર આધારિત કૃષિ અને રોગની સારવારની પદ્ધતિઓ અપનાવીને, દરેકનું ધ્યાન તેના મહત્તમ ઉપયોગ તરફ આકર્ષવામાં આવ્યું છે. નવા વૈજ્ઞાનિક સંશોધનોમાં જાણવા મળ્યું છે કે એક ગ્રામ ગાયના છાણમાં વિવિધ ક્ષમતાના ક્ષ્ડડ કરોડથી ક્ષ્ડડડ કરોડ સૂક્ષ્મ જીવો હોય છે. આ પરીક્ષણોથી જાણવા મળ્યું કે કચરો ગમે તેટલો ઝેરી હોય, ગાયના છાણમાં છુપાયેલા સૂક્ષ્મ જીવો તેને ઉપયોગી બનાવે છે. એક ટન કચરામાં ક્ષ્ડ કિલો ગાયનું છાણ ભેળવીને, આ સૂક્ષ્મ જીવો થોડા દિવસોમાં જીવંત ખેતી માટે શ્રેષ્ઠ ખાતર તૈયાર કરે છે.

આ પરીક્ષણોથી એ પણ સ્પષ્ટ થાય છે કે એક હેક્ટર જમીનને સુધારવા માટે એક ગાય અથવા બળદ પર્યાપ્ત છે. પરીક્ષણો પરથી એવું પણ જાણવા મળ્યું હતું કે, ખેતીની જમીનમાં રહેલા સૂક્ષ્મ જીવો કે જેઓ ગાયનું છાણ અને ગૌમૂત્ર મેળવે છે, તેઓ તેમની પ્રવૃત્તિ દ્વારા પાકને નુકસાન પહોંચાડતા અન્ય બેક્ટેરિયાને પણ કાબૂમાં રાખે છે. ગાયના છાણના ખાતરના ઉપયોગથી માત્ર ઓર્ગેનિક કૃષિ ઉત્પાદનોના ઉત્પાદનમાં વધારો થતો નથી, પરંતુ રાસાયણિક ખાતરોની જરૂરિયાત પણ દૂર થાય છે. ગાયના છાણથી ઘર, આંગૂં, રસોડું વગેરેને રંગવાનું શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેનાથી આખું ઘર પવિત્રતા અને સકારાત્મક ઉર્જાથી ભરાઈ જાય છે.

# આ રીતે સ્વાવલંબી બની શકાય

મુંબઈના મલાડ ખાતે વર્ધમાન પરિવાર દ્વારા વિચાર વલોણું કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના મનોજભાઈ સોલંકીએ પાંજરાપોળ કઈ રીતે પગભર બની શકે તેની સવિસ્તર આંકડા સહિત સમજણ આપી હતી. આવો એક નજર તેના આંકડા પર કરી લઈએ. આ માર્ગદર્શન ઘણું જ ઉપયોગી સાબીત થશે.

(૧) કોઈ એક પાંજરાપોળમાં ૧૦૦૦ ગાય હોય તો રોજનું ૧૦ થી ૧૫ કિલો ઘાસ દરેકને જોઈએ. લીલાચારાનો સરેરાશ ભાવ રૂા. ૨.૫૦ પ્રતિ કિલો થાય છે. તેથી

એક ગાય દીઠ રૂા. ૪૦ લેખે રોજના રૂા. ૪૦,૦૦૦,
મહિનાના રૂા. ૧૨,૫૦,૦૦૦
વર્ષના રૂા. ૧,૪૪,૦૦,૦૦૦
અન્ય ખર્ચ રૂા. ૬,૦૦,૦૦૦
ચારાનો કુલ્લ ખર્ચ રૂા. ૧,૫૦,૦૦,૦૦૦

(૨) ગૌચરમાંથી કે સીમમાં
૬ માસ ૫૦ ટકા ચારો મળે.
૬,૦૦,૦૦૦ × ૬ માસ ૩૬,૦૦,૦૦૦

૫૦ એકર એવરેજ જમીન ગૌશાળા પાસે છે.
૧ એકરમાં વર્ષનો ૧૨૮૦ મણ ચારો થાય
એટલે કે ૫૦,૦૦૦ કિલો વાર્ષિક
૧,૨૫,૦૦૦×૫૦ એકરમાં ૬૨,૫૦,૦૦૦
કુલ : ૯૮,૫૦,૦૦૦
બાકી ચારા માટે નાણાંની ઘટ ૫૧,૫૦,૦૦૦

આવકના અન્ય ઉપાય :
(૧) ગોબર ગેસ પ્લાન્ટ ૧૦૦૦ ઘનમીટરમાંથી
ઘન કમ્પોસ્ટ ખાતર વાર્ષિક
૧૩૨૦ મે.ટન× ૪ પ્રતિ કિલો ૫૨,૮૦,૦૦૦
ઘન કમ્પોસ્ટ લીકવીડ ખાતર વાર્ષિક
૨૪,૭૫,૦૦૦લીટર×૨પ્રતિલીટર ૪૯,૫૦,૦૦૦
સીએનજી ગેસ
૧,૩૨,૦૦૦ લી.× ૪૫ પ્ર. કિલો ૫૯,૪૦,૦૦૦
કુલ્લ આવક રૂા. ૧,૬૧,૭૦,૦૦૦
મટીરીયલ, સ્ટાફ, ઈલેકટ્રીક ખર્ચ (–) ૩૩,૬૦,૦૦૦
ચોખ્ખો નફો રૂા. ૧,૨૮,૧૦,૦૦૦

આ ગેસ પ્લાન્ટનું રોકાણ– સંચાલન– કોઈ પાર્ટી કરે સંસ્થાએ રોજના લગભગ ૧૦ હજાર કિલો છાણ, ૫૦×૫૦ મીટરની જગ્યા અને ૫૦ × ૫૦ મીટર ગોડાઉન અને ૪ સ્ટાફને રહેઠાણની જગ્યાની વ્યવસ્થા કરવી પડે.

ટ્રસ્ટને ૪૦ ટકા (અંદાજે) ભાગ મળે રૂા. ૫૧,૨૦,૦૦૦

વધારાની આવક :
દૂધ, ગૌમુત્ર, ગોબર (બધા ગૌવંશ) માંથી પ્રોડકટ બનાવાય ગૌમુત્ર અર્ક, જીવામૃત, ફિનાઈલ, પંચગવ્ય, ધુપબતી વગેરે.. માસિક નફો
રૂા. ૨૦૦,૦૦૦
વાર્ષિક નફો રૂા. ૨૪,૦૦,૦૦૦
(કુલ રોકાણ ૫,૦૦,૦૦૦ સાધન, સુવિધા માટે)

**મહત્વના મુદા**

– ઘાસની નિયમિત જરૂરીયાતને પુરી કરવા વર્ષ મુજબ જથ્થો નકકી કરવા તેની ખરીદીના સોદા પહેલેથી નકકી કરવો જોઈએ. જેથી સ્થાનિક ખેડૂતો કે નજીકના ખેડૂતો તેનું વાવેતર કરે અને ભાવ બાંધણું થાય. જેથી ટ્રાન્સપોર્ટ ખર્ચ પણ બચી શકે.

– ગોબરનું મૂલ્યવર્ધન કરવું જોઈએ. જે ગોબર ૫૦ પૈસે કિલો જતું હોય તે રૂા. ૩ કે ૫ મા કિલો જાય તેવો પ્રયાસ થઈ શકે.

– ગૌમુત્ર ભેગું થાય અથવા માટીમાં તે પકડાય તેવું આયોજન કરી શકાય.

– પાંજરાપોળમાં સારી ઓલાદની દૂધાળ ગાયો, વાછરડીને અલગ કરી તેને સારા નંદીથી ફેળવાય જે વર્ષની સંખ્યામાં ઘટાડો કરી શકે અને આવક પણ કરશે.

– ઘાસચારાનું વાવેતર થાય, ડ્રીપ કે સ્પીંકલરનો ઉપયોગ કરાય, ચારાને કાપવા માટે મશીન હોય જેથી ઓછા પાણી અને ઓછા મજુરી ખર્ચે કામ થાય.

– દાણ જાતે જ બનાવવું જોઈએ.

– પાંજરાપોળનો ઉદેશ ગાયની ક્ષમતાઓનું દર્શન કરાવવાનો હોવો જોઈએ.

– ગૌશાળા સ્વચ્છ અને સુંદર તેમજ વૃક્ષાચ્છાદિત હોવી જોઈએ. ગાયો સીમમાં ચરવા જવી જોઈએ.

– ગૌશાળા એ હવે ગૌ વિજ્ઞાન કેન્દ્ર બનવું જોઈએ. તેમની દરેક પ્રોડકટનું મુલ્યવર્ધન થવું જોઈએ. આ દિશામાં સંસ્થાઓએ કામ કરવું જોઈએ.

# ગાગરમાં સાગર

## એક ગૌશાળાએ બદલી નાખ્યું ગામનું નસીબ

'ખેરીકલા'- હરિયાણાના એક અતિપછાત ગણાતાં આ ગામના લોકો માટે અહીં સ્થાપિત ગૌશાળા સાક્ષાત વરદાનરૂપ સાબિત થઈ છે. નવાઈની વાતતો એ છે કે, એરિખલા એક મુસ્લિમ ગામ છે. અને થોડા સમય અગાઉ ગૌ હત્યા માટે સમગ્ર પંથક બદનામ હતું. પરંતુ થોડા સમય પહેલાં ગામના જ એક યુવક અને હુમન કેરિયર ચેરિટેબલ ટ્રસ્ટ નામની એનજીઓએ મળી અહીં એક ગૌશાળા બાંધી. ધીરે ધીરે ગામના મુસ્લિમો ગાયનું દૂધ અને તેમાંથી બનાવેલી બનાવટો વેચતા થયા અને તેમાંથી વધારે નફો રળવા લાગ્યા. હાલ તમામ ગામલોકો એ ગૌમાંસને બદલે ગૌપાલનનો રસ્તો અપનાવી લીધો છે. અને ગામમાં ગૌવધ પર સંપૂર્ણ પ્રતિબંધ લગાવી દીધો છે. એટલું જ નહીં આ લોકોએ ગૌમાંસ ખાવાનું પણ છોડી દીધું છે.

## જાણી લ્યો.. સોફ્ટડ્રિન્કસની ડરામણી હકિકતો

જાણીતી બ્રાન્ડના સોફ્ટ ડ્રિન્કસમાં વિટામીન, પ્રોટિન્સ, કે કાર્બોહાઈડ્રેટસ જેવાં પોષક તત્વોને બદલે માત્ર કેલેરી જ હોય છે. આવાં ડ્રિન્કસમાં ઝણઝણાટી પેદા કરતાં તત્વો છે. એ શરીર માટે અત્યંત નુકશાનકારક છે. આ તત્વો છે ફોસ્ફોરિક એસિડ અને કાર્બન ડાયોકસાઈડ. એસિડમાં રહેલું ફોસ્ફરસ શરીરના કેલ્શિયમ ફોસ્ફરસનું પ્રમાણ ખોરવી નાખે છે. અને હાડકાના કેલ્શિયમને ઓગાળી નાખે છે. આને કારણે ઓસ્ટિયોપોરોસિસ થઈ શકે છે. જેમાં શરીરનું બંધારણ જ નબળું પડી જાય છે. અને હાડકાં બરડ થઈ જાય છે. આ ઉપરાંત, પેટના હાઈડ્રોક્લોરીક એસિડ સાથે ફોસ્ફરસ સંપર્કમાં આવીને એની કામગીરી ખોરવી નાખે છે. પરિણામે, અપચો, પેટ ફુલી જવું, પેટમાં ગેસનો ભરાવો, બળતરા થવી વગેરે જેવી સમસ્યા સર્જાય છે. લો-કેલેરી કોલામાં સાકરને બદલે ગળપણ તરીકે સેકેરિનનો ઉપયોગ થાય છે.

## પાણીના એક ગ્લાસમાં ૧૦૦ લાખ ઉપયોગી બેક્ટેરીયા

હવે લોકો પીવાના પાણી સંદર્ભે ખૂબ સભાન થઈ ગયા છે. આપણે આર.ઓ. પ્લાન્ટ દ્વારા પાણી ચોખ્ખું કરીને પીવા માંડ્યા છીએ. પરંતુ પીવાના પાણીના એક ગ્લાસમાં લગભગ એકસો લાખ બેક્ટેરીયા હોય છે. ચોખ્ખા પાણીમાં પણ બેક્ટેરીયાનું આટલું પ્રમાણ જાણીને કદાચ નવાઈ લાગશે અને કદાચ બિમાર પડી જવાશે તેવો ભય પણ લાગશે. પણ આ બેક્ટેરીયા કોઈ જાતિના હોતા નથી. તમામ જૈવ વૈવિધ્યના નમૂના હોય છે. આર.ઓ. પ્લાન્ટ આવા મહત્વના બેક્ટેરીયાઓનો નાશ કરી નાખે છે જેના લીધે આવું પાણી આરોગ્ય માટે જોખમી બની શકે છે. ખાસ તો વાત એ કે આવા બેક્ટેરીયા કોઈ પણ જાતનું નુકશાન કરતા નથી. પરંતુ આ બેક્ટેરીયા પાણીને ચોખ્ખું કરતા હોય છે અને લોકો માટે તે ફાયદાકારક છે.


**વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા**

(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય

**આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા**

સોમવાર થી બુધવાર સવારે ૯ થી સાંજે ૭ સુધી

સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪

ક.વિ.ઓ. જૈન મહાજન સંકુલ, હોસ્પિટલ રોડની પાછળ, ભુજ(કચ્છ)

મંગવાણા (તા. નખત્રાણા) ખાતે પણ ગુરૂવારથી રવિવાર સુધી મળી શકશે


## ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'

આયુર્વેદમાં પ્રાચીનકાળથી ગાયનું દૂધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર, મેવાસા, મમુઆરા વગેરે સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી ઔષધિઓનો પ્રસાર વધી રહયો છે.





**સત્વમ**

નેચરલ અને ઓર્ગેનિક

- પંચગવ્ય ઉત્પાદન
- અનાજ
- સિંધવ નમક
- માટીના વાસણ
- કાચી ઘાણીનું તેલ
- બુરો (સાકર)
- દેશી ગોળ
- કાંસા, તાંબાં, પીતળ ના વાસણ
- ગૌમૂત્ર અર્ક
- ઔષધિઓ
- મસાલા
- ઘર વપરાશની વસ્તુઓ

ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, માધાપર (ભુજ)

સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭

ખાસ નોંધ : આપના શુભ પ્રસંગો, ધાર્મિક પ્રસંગો પર સાત્વિક વસ્તુઓ જેમકે, દેશી ગોળ, દેશી ખાંડ, ઘાણીનું તેલ, દેશી ગાયનું ઘી, વગેરેમાંથી ભોજન બનાવી આપવામાં આવશે. તાંબા પીતળ તેમજ સ્ટીલના વાસણોનો જ ઉપયોગ કરવામાં આવશે. ઓર્ડર માટે સંપર્ક કરો મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭


## ડિસેમ્બર માસમાં યોજાશે પ્રા.ખેતી તાલીમ શિબિર

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિંતન સાધના સ્થળ ખાતે તા. ૧૨-૧૩-૧૪ ડિસેમ્બરના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયોનું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૨૮૧૦, ૯૯૨૫૧ ૭૪૬૯૯ નો સંપર્ક કરવો.

## ઈજન

સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....

– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેકસ, છઠીબારી, ભુજ (કચ્છ)

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ

ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)

મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,

નોંધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–

## કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આર્યુવેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૮૭૧ ૧૭૧૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશુલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯-૩૦ થી ૫ દરમિયાન નિશુલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

## દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈ ત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.

# આજનો યુગધર્મ

## અગ્નિહોત્ર સાથે કૃષિ

વસુધૈવ કુટુંબકમની ઉદાત્ત ભાવના વાળી આપણી ભારતીય સંસ્કૃતિ સમસ્ત વિશ્વના કલ્યાણ માટેનો રાહ ચિંધે છે. સમસ્ત વિશ્વના વાયુમંડળની શુધ્ધિ એ જ સુખમય જીવનનો સાચો માર્ગ છે. અગ્નિહોત્ર એ એકમાત્ર આજનો યુગધર્મ છે. જે વાયુમંડળને શુધ્ધ કરે છે. અગ્નિ, જલ, વાયુ, ભૂમિ અને આકાશ પંચતત્વથી સમગ્ર સૃષ્ટિની રચના થઈ છે અને તેનો આધાર પણ આ પાંચ તત્વો છે. આ પાંચ તત્વમાં અગ્નિ એક એવું તત્વ છે જે કદી અશુધ્ધ થતુ નથી. બાકીનાં ચારેય તત્વો પ્રકૃતિના નિયમ વિરુધ્ધનો વ્યવહાર કરી માનવ દ્વારા અશુધ્ધ કર્યાં છે. તેનું પરિણામ આજે સમસ્ત જીવસૃષ્ટિ કુદરતી આફતો દ્વારા દુઃખ, દર્દથી પીડાઈ રહી છે.

આમાંથી જો મુકત થવું હોય તો તેનો એકમાત્ર ઉપાય છે પ્રકૃતિનાં તત્વોનું શુધ્ધિકરણ અને જતન. આજનો આ એકમાત્ર યુગધર્મ છે જે સૃષ્ટિના સમસ્ત જીવોને બચાવી શકે તેમ છે. તેનો સૌ પ્રથમ હાથવગો ઉપાય છે અગ્નિહોત્ર. અગ્નિહોત્રને ધર્મ, સંપ્રદાય, જાતી, સરહદ, રંગભેદ, લીંગભેદ કે કોઈ જ ભેદ નથી. એ સમષ્ટિ માટેનો માનવધર્મ છે. એ નાના મોટા સૌ કોઈ માનવ કરી શકે છે. અને તેના દ્વારા વિશ્વનું કલ્યાણ થાય છે. જેમાં આપણું કલ્યાણ સૌપ્રથમ થવાની સાથે શરૂઆત થાય છે. સમગ્ર જીવજગતનો તથા તેમાં ખેતીનો પણ સમાવેશ છે. પ્રાચીન કાળમાં યજ્ઞોમાં અગ્નિહોત્ર મુખ્ય હતો. નિત્ય અગ્નિહોત્ર પરંપરા ચાલુ હતી.

**ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'**

આયુર્વેદમાં પ્રાચીનકાળ૯૮થી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર રતનાલ, મેવાસા સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી પ્રોડકટસનો પ્રસાર વધી રહયો છે

# નાના રાજયો દ્વારા જ સાચી લોકશાહી ખીલશે

રાજયો નાના નાના હોવા જોઈએ તેમાં આઝાદી બચાવો આંદોલનની પાકી શ્રદ્ધા છે. આખા દેશ માં ઓછામાં ઓછા ૧૦૦ થી ૧૫૦ જેટલા રાજયો હોવા જોઈએ. તો જ સાચી લોકશાહી ખીલી શકે. મોટા રાજયના અન્યાયની સામે નાગરીકોએ સંગઠીત થવુ અઘરુ છે. પરંતુ નાના રાજયની સામે સંગઠીત થવુ સહેલુ છે. આ એક માત્ર કારણ નાના રાજયો બનાવવા માટે પુરતુ છે. તેથી આજના મોટા રાજયોને તોડીને આખા દેશમાં ૧૦૦ થી ૧૫૦ રાજયો બનાવવાનું આઝાદી બચાવો આંદોલનનું ધ્યેય છે.

આજે રાજય પોતે જ આતંકવાદી બની ગયું છે. દરેક સરકારી ઓફિસ આતંકવાદનું કેન્દ્ર હોય એવી રીતે પ્રજાને હેરાન પરેશાન કરવાનું કામ કરે છે. ભ્રષ્ટાચારે માજા મુકી છે. સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પ્રજાના સેવકો હોવા જોઈએ તેને બદલે પ્રજાના માલિકો બની ગયા છે અને પ્રજા તેની ગુલામ બની ગઈ છે. તમામ સરકારી ખાતાં ઓમાં રક્ષણને બદલે ભક્ષણ, વિકાસને બદલે વિનાશ, પોષણને બદલે શોષણ નિર્દયપણે ચાલી રહ્યું છે. આ આજની નગ્ન વાસ્તવિકતા છે.

રાજયના આવા ભયાનક સ્વરૂપનો વિચાર કરતા એટલુ તો સ્પષ્ટ સમજી શકાય છે કે રાજય પોતે જ પ્રજા ઉપર ચડી બેઠેલુ અનિષ્ટ છે તેથી આ અનિષ્ટ જેમ નાનુ હોય તેમ સારુ જેથી પ્રજા એને પહોંચી વળી શકે. રાજય વહીવટ હમેશાં પ્રજાને હાથવગો હોવો જોઈએ. આ વસ્તુ રાજય નાનુ હોય તો જ શકય છે.

રાજય પોતે જ આતંકવાદી બની ગયુ હોવાથી રાજય તરફથી થતા અન્યાયો સામે ડગલેને પગલે લડવાના પ્રસંગો ઉભા થતા હોય છે, પરંતુ રાજયનું કદ ખુબ મોટું હોવાથી રાજયની સામે લડવાની શકિત લોકો એકત્રિત કરી શકતા નથી. આ રીતના અન્યાય સામે લડવાની પ્રજાની શકિત નાના રાજયો માં વધારે રહેવાની. મોટા વિશાળકાય રાજયમાં અન્યાયની સામે લડીને જીતવાનો આત્મવિશ્વાસ પ્રજામાં પેદા કરવા માટે જેટલો પુરુષાર્થ કરવો પડે તેનાથી ઓછો પુરુષાર્થ નાનાકડા રાજયના અન્યાયની સામે લડીને જીતવા માટે પુરતો થઈ પડે. રાજય અવળે રસ્તે ચાલતુ હોય તો તેને સીધે રસ્તે ચલાવવા માટે પ્રજાએ જે મહેનત કરવી પડે કે આપભોગે આપવા પડે તેમાં પણ જો રાજયનું કદ મોટું ગંજાવર હોય તો ગંજાવર પ્રમાણમાં આપભોગે આપવા પડે અને રાજય નાનું હોય તો પ્રમાણમાં સહેલાઈથી તેને અવળે રસ્તેથી સવળે રસ્તે વાળી શકાય.

મોટા રાજયમાં લોકોનો અવાજ સહેલાઈથી સંભળાતો નથી અને પ્રજાના અવાજને રૂંધવામાં આવે છે કે અવગણવામાં આવે છે કે દબાવવામાં આવે છે. જયારે નાના રાજયમાં પ્રજાનો અવાજ સહેલાઈથી રાજયકર્તા વર્ગ સુધી પહોંચાડી શકાય છે

**"જયકચ્છ"માં ઓનલાઈન લવાજમ ભરવા માટે વિગત**

ખાતાનું નામ : જયકચ્છ JAYKUTCH

બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા

શાખા : ભુજ (કચ્છ)

ખાતા નંબર : 3183285279

આઈએફએસસી : CBIN0280589

રકમ જમા કરાવ્યા બાદ મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર જાણ કરવી

(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)

(એક વર્ષથી વધુ સમય માટે પણ લવાજમ ભરી શકો છો)



# જે દેખાતું નથી તેનો ખેતીમાં મહત્વનો ફાળો છે

**સૉશિયલ મિડિયાના ઝરૂખેથી...**

દેવેન્દ્ર પટેલ વડોદરા

આપણે એક એવા જગતમાં જીવીએ છે જે વિરોધાભાસો થી ભરેલી છે. આપણે જે થતા જોઈએ છે એ પરિણામો છે. સામાન્ય માણસ તરીકે, આપણે વૃક્ષ પર ફળ લાગતા જોઈએ છે પણ એ બનવાની પ્રક્રિયાથી આપણે પૂર્ણ રીતે વાકેફ નથી. ફળ લાગવું એ પરિણામ છે, તેની બનવાની પ્રક્રિયાને આપણે જોઈ શકતા નથી. આપણે ફળને મોટું થતાં જોઈ શકીએ પણ અંદર તેનો વિકાસ કેવી રીતે થાય છે તે દેખાતો નથી. ફળ અને પરિણામ લગભગ સરખા શબ્દો છે. ફળ એટલે પરિણામ અને પરિણામ એટલે ફળ. વૃક્ષ હોય કે છોડ હોય, તેનાં જમીનની ઉપરના ભાગને આપણે જોઈ શકીએ છે પણ તેના મૂળના વિકાસને આપણે જોઈ શકતા નથી. મૂળ જમીનમાં કેવી રીતે વિકાસ પામે છે અને તે જમીનના જીવૂાઓ સાથે કેવી રીતે વાર્તાલાપ કરી પોતાની જરૂરિયાત પૂરી કરે છે તેને ૧૦૦ % સમજવાનું બાકી છે પણ એક વાત ચોક્કસ છે કે જીવાૂણઓ, વિવિધ પ્રકારની ફુગોને વનસ્પતી સાથે એક મજબૂત સબંધ છે. જે નવા નવા સંશોધનો જીવાૂઓ, ફૂગ અને વનસ્પતિના સબંધના વિષે થઈ રહ્યાં છે તે અદભુત છે.

આવો એક સંબંધ રાઈઝોફેગી (Rhizophagy) છે. વનસ્પતિ મૂળ આ માટે એક બુદ્ધિયુક્ત રમત રમે છે. મૂળ પહેલા તેને જોઈતા તત્વો મેળવવા તેની આસપાસના જીવાણૂઓ ને પોષણ આપે છે અને પછી તેમને મૂળ દ્વારા અંદર ખેંચે છે. તેમાંની જોઈતા તત્વો લઈ તે જીવાણૂઓને પાછા જીવતા બહાર કાઢે છે. આ પ્રક્રિયાને રાઈઝોફેગી અથવા તો રાઈઝોફેગી સાઈકલ કહે છે. એટલે આપણે જૉઈએ છે,

જ્યા માણસ દખલ નથી કરતો ત્યાં કૂદરત અદભુત કામ કરે છે. આજે તો આપણે દરેક જગ્યાએ ઝેરને પહોંચાડી દીધું છે તો બતાવો આવા ઝેરી વાતાવરણમાં વનસ્પતિ, અને જીવાણૂઓ હળ ીમળીને કેવી રીતે કામ કરે? અમેરિકાના એક વિજ્ઞાનિક બ્રુસ લિપ્ટન, જેમણે તેમનાં જીવનનો સારો એવો સમય સ્ટેમ સેલની શોધખોળમાં વિતાવ્યો છે. (સ્ટેમ સેલ એક પ્રકારનો કોષ છે જે શરીરના અન્ય કોષોમાં વિકાસ પામવાની અને પરિવર્તિત થવાની ક્ષમતા ધરાવે છે. તેઓ શરીરના તમામ કોષોના મૂળ છે, અને તેઓ શરીરની મરામત અને પુનઃનિર્માણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે) તે કહે છે કે જ્યારે લેબોરેટરીમાં, સ્ટેમ સેલને પેટ્રી ડીસમાં (એક નાનકડી સપાટ બુધાવાળી કાચની ડિસ) ઝેરની નજીક મૂકવામાં આવતા ત્યારે તે ઝેર થી દુર જતા અને જ્યારે ખોરાક મુકતા ત્યારે તે તેની નજીક જતાં. એક બીજી અગત્યની શોધ છે. એ કહે છે કે દરેક બીમાં તેને મદદ રૂપ થાય તેવા જીવાણૂઓના DNA હોય છે. એટલે બી અંકુરિત થતાની સાથે તેને અનુકૂળ જીવોને કાર્યરત કરે. આ બંને માહિતીઓ, ખેડુત તરીકે આપણા માટે બહું કિમતી છે. કેવી રીતે એ એ સમજીએ. બીજ અંકુરિત થાય અને જેવા તેનાં મૂળનો વિકાસ થવાનો શરૂ થાય તેવો તેને પોષણનો અભાવ ન રહે તે માટે કુદરતની વ્યવસ્થા છે. જેમ બાળક જન્મે અને તેની માતાની છાતીમાં દૂધનો સંચાર થાય. ના એક દિવસ વહેલો કે ના એક દિવસ મોડો. એટલે કૂદરત જન્મતાની સાથે તેના ખોરાકની વ્યવસ્થા બહુ પહેલાં થી કરી રાખે છે. પણ આપણે બી ના અંકુરણને નવા બાળકના જન્મ તરીકે જોતા જ નથી. આની સામે આપણે શું કરીએ છે, આપણે બીયારણને ફૂગનાશકનો પટ આપીએ છે. એટલે કુદરતની આખી વ્યવસ્થા પર પાણી ફેરવી દઈએ છે. બ્રુસ લિપ્ટન ની વાતને યાદ કરો, ઝેરથી સ્ટેમ સેલ દૂર ભાગે છે. એટલે આપણે બી ના અંકૂરણથી જ છોડને નબળો પડવાની કસરતમાં લાગી જઈએ છે અને પછી રડીએ છે ઉત્પાદન નથી મળતું અને દવાઓનો બહુ ખર્ચ થાય છે, નફો નથી થતો. તમેજ કહો નફો આપણે બિમાર બનાવેલા છોડ પાસેથી કેવી રીતે મેળવી શકીએ???*

**તમે જે ખેતી પધ્ધતિ વાપરતા હોય, પણ બે વાતનું ખાસ ધ્યાન આપજો, (૧)ગાય માતાને તંદુરસ્ત રાખજો, (૨) જમીનમાં ઝેર ઓછું કરતાં રહેજો...**

અહીં કામ લાગે છે બીજામૃત એટલે બીજ સંસ્કાર. જો સારી જાતનું બીજામૃત એટલે સારા બેકટેરિયા ઘોલથી બનાવેલું હોય તો સારું કામ કરે છે. ગાય આધારીત ખેતી, કે અન્ય કોઈ પણ પધ્ધતિ આપણે વાપરતા હોઈએ ત્યારે આપણે જેને માતા કહીએ છે તે ગાય માતાની તંદુરસ્તી નું મહત્વ એટલુંજ વધી જાય છે... જ્યારે આપણે કુદરતી, ગાય આધારીત, પાલેકર સાહેબની પધ્ધતિ કે અન્ય કોઈપણ પધ્ધતિ થી ખેતી કરતાં હોય ત્યારે બીજ સંસ્કારનું બહુ મોટું મહત્વ છે. તો તમારી ખેતીમાં બીજ સંસ્કાર ને ભૂલતા નહીં...*

કુદરતી ખેતી કરતાં ભાઈઓએ બીજમાં રહેલા જીવૂાઓના DNA, રાઈઝોફેગી અને જીવાણૂઓ ઝેરથી દૂર ભાગે છે એ સમજવું જરૂરી છે. આ સમજનો અમલ કરવાનું વિચારજો. તેને માટે જમીનો ઝેરમૂકત હોવી જરૂરી છે. તમે જે પણ પધ્ધતિ વાપરતા હોય, પણ બે વાતનું ખાસ ધ્યાન આપજો, ૧– ગાય માતાને તંદુરસ્ત રાખજો, ૨– જમીનમાં ઝેર ઓછું કરતાં રહેજો...

ઉપરની બધી વાત કરી એ આપણાને દેખાતી નથી પણ તે જમીન પર દેખાતી વસ્તુઓને કંટ્રોલ કરે છે. માટે સારા પરિણામ લાવવા માટે નહિ દેખાતી વાતો સમજવી અને તેને સારા પરિણામ માટે ઉપયોગ કરવામાં સમજદારી છે. ઝીરો કેન્સર અભિયાનની પ્રથમ પ્રાથમિકતા જમીનોને ઝેર મુક્ત કરવાની છે. ખેતી કરતા તમને આવડે છે, હું તો તમે જાણતા હોય કે ન જાણતા હોય તેવા તથ્યો અને દુનિયામાં થયેલા સંશોધનો તમારી સુધી લાવવાનો પ્રયત્ન કરું છું. આજકાલ ખેતીની પધ્ધતિઓ માટે વિવાદો થાય છે. ખેતી એ એક અદ્ભુત, વિશાળ અને અનંત વિષય છે. તેમાં ન ગણી શકાય તેટલી સંભાવનાઓ. જેમ દરેક માણસની આંગળીઓની છાપ જુદી છે તેમ દરેક ખેતર પણ જુદું છે. અહીં ખેડુતે વિવેક બુદ્ધિ વાપરવાની જરૂર છે. ખેડૂત અને વિજ્ઞાનીઓ એક લેવલ સુધી સરખા છે. બંને નો પાયો અવલોકન છે પણ ખેડૂત અવલોકન પછી તેનાં ડેટા ભેગાં કરે છે પણ એનાં પર કોઈ કામ નથી કરતો જ્યારે વિજ્ઞાનીઓ તેમના અવલોકન પર કામ કરે છે. ખેડૂતે તેના અવલોકન પર નાનાં પાયે પણ કામ કરવાની જરૂર છે. માટે અમે તમારી સમક્ષ કુદરતની કામ કરવાની જાણીતી વાતો લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## અમે જાણવા માગીએ છીએ

**o અમારૂં સામયિક આપને નિયમિત રીતે મળે છે ? હા/ના**

**o સામયિક અન્ય લોકોને વાંચન માટે આપો છો ? હા/ના**

**o શું આપ તમામ લેખો/વિગતો ઉંડાણપૂર્વક વાંચો છો ? હા/ના આપને પસંદ છે ? હા/ના**

**o લેખ કે અન્ય માહિતી વિશે કોઈ સુચન કરવા માગો છો ? હા/ના (અલગ કાગળમાં પણ લખી શકો છો)**

________________________________________

________________________________________

**o પત્રમાં શું ફેરફાર કરવા જોઈએ એ વિશે શું કહેશો ? (અલગ કાગળમાં પણ લખી શકો છો)**

________________________________________

________________________________________

**o તમારા પાસે ખેતી, ગૌપાલન, પર્યાવરણ, ગ્રામોત્થાન ના વિષયોમાં વિશિષ્ટ અનુભવ કે પ્રયોગની માહિતી છે ? હા/ના (અલગ કાગળમાં પણ લખી શકો છો)**

________________________________________

________________________________________

**o (કોઈપણ સામયિકનો ઉપયોગ કેટલો થાય છે તેનો આધાર વાચકોના પ્રતિભાવ પર છે. ત્યારે આપ આપનું મંતવ્ય જરૂર આપશો તેવી વિનંતી)**

**o (જો આપ કોઈ કારણોસર અમારા સામયિકનું વાંચન કરી શકતા ન હો તો તે બંધ કરવાની જાણ અમને કરશો તેવી વિનંતી છે.) કાગળની બનાવટમાં વૃક્ષોનો ઉપયોગ થાય છે ત્યારે પ્રકૃતિની આ મહામુલી સંપતિનો દુર્વ્યય અટકે તે માટે એક એક પ્રતનું મહત્વ છે જેથી સહકાર**
V F5 J FIJ G\\ી (જો આપને પીડીએફ પ્રત જોઈતી હોય તો અમોને વ્હોટસએપ કરજો)

**પ્રતિભાવ ઈ–મેઈલ, વ્હોટસએપ અથવા ટપાલ મારફતે મુકી શકો છો.....**

**સરનામું : જયકચ્છ કાર્યાલય, ૯, હાટકેશ ચેમ્બર્સ, બીજા માળે, છઠીબારી, ભુજ.**

**ઈ–મેઈલ : jaykutch1@gmail.com**

**વ્હોટસએપ નંબર : ૯૯૨૫૧ ૭૪૬૯૯**

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક તેજસ ચંદ્રવદન પટ્ટણીએ જય કચ્છ કાર્યાલય હાટકેશ કોમ્પલેક્ષ છઠીબારી ભુજથી પ્રસિધ્ધ કર્યું.